# આજે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી

**પંજાબ-હરિયાણા-યૂપી-ઉત્તરાખંડ-રાજસ્થાનથી ટ્રેક્ટરો લઇ દિલ્હી પહોંચ્યા : બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે ટ્રેક્ટર રેલી, શાંતિપૂર્વક રેલી યોજવા ખેડૂતોની જાહેરાત, પરેડ ત્રણ જગ્યાઓથી શરૂ થશે, જેમાં સિંઘુ, ટિકરી અને ગાજીપુર બોર્ડરનો સમાવેશ : આગ્રામાં ૧૦૦ કરતા વધારે ખેડૂત નેતાઓ નજરબંધ, દિલ્હી બોર્ડર સીલ કરાઇ**



ન્યુ દિલ્હી,તા.૨૫

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂત આંદોલનનો આજે ૬૧મો દિવસ છે. દિલ્હીમાં ગણતંત્ર દિવસ પર પહેલી વખત ખેડૂત ટ્રેક્ટર પરેડ કાઢશે, કારણ કે ઘણા વખતની ચર્ચા પછી દિલ્હી પોલીસે ખેડૂતોની પરેડને મંજૂરી આપી દીધી છે. જો કે, પરેડના રૂટ અંગે સસ્પેન્સ યથાવત છે. આ અંગે પોલીસ અને ખેડૂતોના અલગ અલગ દાવા છે.

દિલ્હી પોલીસ કમિશનર એસએન શ્રીવાસ્તવે સોમવારે કહ્યું કે, ખેડૂત નેતાઓ સાથે વાતચીત પછી ટ્રેક્ટર રેલીના ૩ રૂટ માટે સહમતિ બની ગઈ છે. અમે રૂટની મુલાકાત પણ કરી. અમુક દેશ વિરોધી તત્વ ગરબડ કરી શકે છે, જેના માટે અમે સતર્ક છીએ.

પરેડ ત્રણ જગ્યાઓથી શરૂ થશે, જેમાં સિંઘુ, ટિકરી અને ગાજીપુર બોર્ડરનો સમાવેશ થાય છે. આ ટ્રેક્ટર રેલીમાં પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના હજારો ખેડૂતો સામેલ થશે. દિલ્હીમાં આંદોલન કરી રહેલાં ખેડૂતોમાં સૌથી વધુ પંજાબ અને હરિયાણાના ખેડૂતો સામેલ છે.

૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં કાઢવામાં આવનારી ટ્રેક્ટર પરેડમાં સામેલ થવા માટે દેશભરમાંથી ખેડૂતો દિલ્હી પહોંચી રહ્યા છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનર દીપેન્દ્ર પાઠકે જણાવ્યું હતું કે સંયુક્ત ખેડૂત મોરચાને સિંધુ અને ટિકરીથી લગભગ ૬૪ કિમી અને ગાઝીપુર બોર્ડરથી ૪૬ કિલોમીટરની પરેડ કાઢવાની મંજૂરી આપવામાં આવી છે. મંગળવારે ખેડૂતો ટ્રેક્ટર પરેડથી સંબંધિત કાયદા-વ્યવસ્થા માટે સંક્ષિપ્ત સૂચના પર ચાલવા માટે તમામ રીતે તૈયાર રહેવું પડશે. પોલીસે કહ્યું છે કે, ટ્રેક્ટર પરેડ દિલ્હીના ત્રણ સીમા બિંદુ જેવા કે, સિંઘુ, ટિકરી અને ગાઝીપૂરથી આયોજિત કરવામાં આવશે અને આ અંગે પર્યાપ્ત સુરક્ષા પણ ગોઠવવામાં આવશે.

## ૧૦૦, ૧૦ અને ૫ રુપિયાની જૂની નોટો પરત નહીં ખેચવામાં આવે : આરબીઆઈ

મુંબઈ,તા.૨૫

માર્ચ મહિના પછી પાંચ, ૧૦ અને ૧૦૦ રૂપિયાની અમુક ચલણી નોટો માર્ચ મહિના પછી નહીં ચાલે તેવા અહેવાલ પર રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે. આરબીઆઈએ આજે (સોમવારે) પોતાના અધિકૃત ટ્વીટર હેન્ડલ પરથી ટ્વીટ કરીને સ્પષ્ટતા કરી છે કે આ અંગેના જે અહેવાલ ફરતા થયા છે તેમાં કોઈ તથ્યો નથી. આરબીઆઈની આવી કોઈ યોજના નથી. નોંધનીય છે કે ભારતીય રિઝર્વ બેંક તરફથી ૧૦૦ રુપિયાની નવી નોટ વર્ષ ૨૦૧૯માં જાહેર કરવામાં આવી હતી. આરબીઆઈ તરફથી સોમવારે ટ્વીટ કરવામાં આવ્યું છે કે, મીડિયામાં ૧૦૦, ૧૦ અને પાંચ રૂપિયાની ચલણી નોટો નજીકના ભવિષ્યમાં બંધ કરવામાં આવશે તેવા પ્રગટ થયેલા અહેવાલ સત્યથી વિહોણા છે. અમે સ્પષ્ટ કરીએ છીએ કે આ અહેવાલ ખોટા છે.

## આજે દેશમાં ૭૨માં પ્રજાસત્તાક દિવસની ઊજવણી કરાશે

**રાફેલ ફાઇટર જેટ પ્રથમવાર પરેડમાં ભાગ લેશે, મહિલા ફાઇટર નજરે પડશે**

ન્યુ દિલ્હી,તા.૨૫

૨૬ જાન્યુઆરીએ દેશ પોતાનો ૭૨મો પ્રજાસત્તાક દિવસ મનાવવા જઈ રહ્યો છે. દર વર્ષે આ ઐતિહાસિક પ્રસંગે રાજપથ પર ભવ્ય



સમારંભનુ આયોજન થાય છે પરંતુ આ વખતે કોરોના મહામારીના કારણે ભવ્ય આયોજન નથી થઈ રહ્યુ. આ વખતે તમને રાજપથ પર નાની પરેડ જોવા નહિ મળે. એટલુ જ નહિ આ વખતે ગણતંત્ર દિવસ કાર્યક્રમમાં કોઈ ચીફ ગેસ્ટ પણ નથી. તમને જણાવી દઈએ કે પહેલા બ્રિટિશ પીએમ બોરિસ જૉનસનને ભારત આવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા પરંતુ બ્રિટનમાં નવા કોવિડ-૧૯ સ્ટ્રેનના વધતા પ્રકોપના કારણે તેમનુ આવવાનુ કેન્સલ થઈ ગયુ.

ધ્વજારોહણ - ૨૬ જાન્યુઆરીએ મંગળવારે સવારે ૮ વાગે થશે. ગણતંત્ર દિવસ પરેડ સવારે ૯.૩૦ વાગે રાષ્ટ્રપતિ ભવનથી શરૂ થશે અને ઈન્ડિયા ગેટ પર ખતમ થશે. પરેડનો રૂટ વિજય ચોકથી રાજપથ, અમર જવાન જ્યોતિ, ઈન્ડિયા ગેટ પ્રિન્સેસ પેલેસ, તિલક માર્ગ થઈને છેલ્લે ઈન્ડિયા ગેટ પહોંચશે.

રાફેલ ફાઈટર જેટ, પહેલી વાર પરેડમાં ભાગ લેશે. વળી, ભારતની પહેલી મહિલા ફાઈટર પાયલટ ભાવના કંઠ ટુકડી સાથે દેખાશે. પરેડમાં બાંગ્લાદેશ સશસ્ત્ર દળોની આર્મી બેંડ પણ પરેડમાં શામેલ થશે. વળી, કોરોના વાયરસના કારણે મોટર સાઈકલ સ્ટંટ નહિ જોવા મળે. ગણતંત્ર દિવસ ૨૦૨૧ સમારંભમાં માત્ર ૨૫,૦૦૦ લોકો જ હશે.

## મહારાષ્ટ્રમાં ખેડૂતોનું આંદોલન

**પૂર્વ કેન્દ્રીય મંત્રી અને એનસીપી પ્રમુખ શરદ પવાર સહિત અન્ય મહારાષ્ટ્રના નેતા પણ આ કાર્યક્રમમાં સામેલ થયા**

અમદાવાદ, તા. ૨૫

કૃષિ કાનૂનો સામે દિલ્હીની સીમાઓ પર પ્રદર્શન કરી રહેલાં ખેડૂતોનું આંદોલન હવે સમગ્ર દેશમાં ફેલાતું જઈ રહ્યું છે. દિલ્હી બાદ હવે મહારાષ્ટ્રમાં ખેડૂતોનું આંદોલન આઝાદ મેદાનમાં શરૂ થયું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી એનસીપી પ્રમુખ શરદ પવાર સહિત અન્ય મહારાષ્ટ્રના નેતા પણ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. ખેડૂતો વચ્ચે પહોંચેલા શરદ પવારે પીએમ નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશ્યારી પર પ્રહાર કર્યા હતા.

એનસીપી ચીફ શરદ પવારે કહ્યું કે, આજે દેશભરમાં શાંતિપૂર્ણ રીતે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે. શરદ પવારે કહ્યું કે રાજ્યપાલની પાસે કંગના રનૌતને મળવાનો સમય છે. પણ આંદોલન કરી





રહેલાં ખેડૂતોને મળવાનો સમય નથી. મહારાષ્ટ્રે આવા ગવર્નર ક્યારેય જોયા નથી. આ ગવર્નરની નૈતિક જવાબદારી બને છે કે તે અહીં આવે અને તમને મળે.

આ ઉપરાંત શરદ પવારે પીએમ નરેન્દ્ર મોદી ઉપર પણ નિશાન સાધ્યું હતું. અને કહ્યું કે, આ ઠંડીના મોસમમાં પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ખેડૂતો છેલ્લા ૬૦ દિવસોથી આંદોલન કરી રહ્યા છે. શું વડા પ્રધાને આ અંગે જાણકારી લીધી? શું આ ખેડૂતો પાકિસ્તાનના રહેવાસી છે?

શરદ પવારે કહ્યું કે, કેન્દ્રએ વગર કોઈ ચર્ચાએ કૃષિ કાનૂનોને પાસ કરી દીધા, જે સંવિધાનની સાથે મજાક છે. જો ફક્ત બહુમતના આધાર પર કાનૂન પાસ કરશો તો ખેડૂત તમને ખતમ કરી દેશે. આ ફક્ત શરૂઆત છે. મહારાષ્ટ્રમાં ક્યારેય એવો રાજ્યપાલ આવ્યા નથી, જેઓની પાસે ખેડૂતોને મળવા માટેનો સમય ન હોય.

## વૈજ્ઞાનિકોએ રસી વિકસાવી ઈતિહાસ રચી દીધો : રાષ્ટ્રપતિ

**પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન : ભારત શાંતિ માટે પ્રતિબદ્ધ પણ કોઈ પણ છંછેડે તો સેના તમામ પડકારના સામના માટે સંપૂર્ણ સજ્જ : રાષ્ટ્રપતિ**

નવી દિલ્હી, તા. ૨૫

રાષ્ટ્રપતિ રામ નાથ કોવિંદે ૭૨ માં પ્રજાસત્તાક દિનની પૂર્વ



સંધ્યાએ સોમવારે સાંજે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણા રાષ્ટ્રીય તહેવારો, તમામ નાગરિકો રાષ્ટ્રીય પ્રેમની ભાવનાથી ઉજવે છે. પ્રજાસત્તાક દિનનો રાષ્ટ્રીય તહેવાર, અમે આપણા રાષ્ટ્રધ્વજ અને બંધારણમાં આદર અને વિશ્વાસ વ્યક્ત કરીને, સંપૂર્ણ ઉત્સાહ સાથે ઉજવણી કરીએ છીએ. રાષ્ટ્રને સંબોધનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું હતું કે પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિઓ, અનેક પડકારો અને કોવિડની આફત હોવા છતાં અમારા ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ ઉત્પાદનમાં કોઈ ઘટાડો થવા દીધો નથી. આ કૃતજ્ઞતા માટે દેશ આપણા અન્નદાતા ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

સિયાચીન અને ગાલવાન ખીણમાં, માઈનસ ૫૦ થી ૬૦ ડિગ્રી, જેસલમેરમાં ૫૦ ડિગ્રી સેન્ટિગ્રેડથી વધુ તાપમાન સુધી, ધરતી, આકાશ અને વિશાળ દરિયાકાંઠાના વિસ્તારોમાં - આપણા લડવૈયાઓ ભારતની રક્ષા કરવા માટે દરેક ક્ષણ હાજર રહે છે. આપણે સૌને આપણા સૈનિકોની બહાદુરી, દેશભક્તિ અને બલિદાનનો ગર્વ છે.

## રસીના આડઅસરો પર અફવા ફેલાવનારા સામે કાર્યવાહી થશે

**રસીકરણનું દેશમાં વિશ્વનું સૌથી મોટું અભિયાન : કેન્દ્ર તરફથી રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશના ચીફ સેક્રેટરી ને પત્ર લખી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી**

નવી દિલ્હી, તા. ૨૫

કોરોના મહામારીની જંગમાં સૌથી મહત્વના પડાવ દેશવ્યાપી રસીકરણ અભિયાન દરમિયાન વેક્સીનની સાઈડ ઈફેક્ટની અફવાઓ કે અન્ય અફવાઓને લઈને કેન્દ્ર સરકારે હવે ચેતવણી જાહેર કરી છે. વેક્સીનને લઈને અફવાઓ ફેલાવતા લોકો સામે કેન્દ્ર સરકાર કડક કાયદાકીય કાર્યવાહી કરશે. આ માટે કેન્દ્ર તરફથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના ચીફ સેક્રેટરી ને પત્ર લખી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

બીજી તરફ ૧૬ જાન્યુઆરીથી દેશવ્યાપી રસીકરણ અભિયાન શરુ કરવામાં આવ્યું હતું, પરંતુ લક્ષ મુજબ વેક્સીનેશન આંકડા સુધી પહોંચવામાં અડચણો આવી રહી છે. દેશમાં અત્યાર સુધી ૧૬ લાખથી વધુ લાભાર્થીઓનું રસીકરણ છઈ ગયુ છે.

સેન્ટ્રલ હોમ સેક્રેટરી અજય ભલ્લાએ ગત અઠવાડિયે જ રાજ્યો અને પ્રદેશોને આ મુદ્દે પત્ર લખી સૂચન કર્યુ હતું. જેમાં કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યુ હતું કે, વેક્સીન કે વેક્સીનેશન મિશનને લઈને ખોટા સમાચાર કે અફવાઓ ફેલાવતા લોકો સામે કાર્યવાહી કરવી અને વાસ્તવિક તથ્યોના આધારે જરુરી સૂચનોનું પ્રસારણ કરવું. કેન્દ્રની ચેતવણી હેઠળ હવે વેક્સીન અંગે અફવાઓ ફેલાવતા સંગઠનો અને વ્યક્તિ પર કાયદાકીય કાર્યવાહી થશે. નોંધનીય છે કે, દેશમાં કોરોના રસીકરણ અભિયાન દરમિયાન કેટલાકે લોકોની મોતને લઈને સોશિયલ મીડિયા પર અનેક અફવાઓ ઉડી રહી છે. જ્યારે કેન્દ્ર દાવો કરી રહી છે કે આ મોત અને રસીકરણ વચ્ચે કોઈ સંબંધ નથી. આ અફવાઓમાં લોકોને વેક્સીનેશન ન કરાવવા અને એનાથી જીવનું જોખમ હોવાની વાતો હતી.

જોકે કોરોના જેવી ઘાતક મહામારી સામે ભારતમાં રસીકરણ અભિયાન હેઠળ હવે સરકારે રસીકરણને લઈને જાગૃકતા અભિયાન પણ ચલાવવુ પડી રહ્યુ છે.

## વેક્સિન પર દુનિયામાં ભારતની પ્રશંસાથી ચીનને પેટમાં દુઃખ્યું

**ચીન હવે કરી રહ્યું છે ષડયંત્ર : ચીનમાં રહેતા ભારતીય ચીની વેક્સીનને મહત્વ આપે છે**

નવી દિલ્હી, તા.૨૫

ભારતની વેક્સીન ડિપ્લોમસીથી ચીનના પેટમાં તેલ રેડાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. કોરોના મહામારી વચ્ચે ભારતની વેક્સીન મૈત્રીના અભિયાને ચીનને દક્ષિણ એશિયામાં બેકફૂટ પર ધકેલી દીધું છે. ચીની સરકારના મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સ ભારતના અભિયાન વિરુદ્ધ દુષ્પ્રચાર અને તેને બદનામ કરવામાં લાગી ગયું છે. જ્યારે ભારતે પહેલાથી જ શ્રીલંકા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનને છોડીને તમામ સાર્ક દેશોને ભારતના સીરમ ઈન્સ્ટીટ્યૂટની કોવિશીલ્ડ વેક્સીન ગિફ્ટ આપી છે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે વેક્સીનને લઈને વાતચીત ચાલુ છે. ભારતનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાં સ્થાનિક રેગ્યુલેટર તરફથી વેક્સીનનો ઉપયોગને મંજૂરી મળ્યા બાદ તેને વેક્સીનની ખેપ સપ્લાઈ કરાશે. ભારતે અફઘાનિસ્તાનને વિશ્વાસ અપાવ્યો છે કે તે તેની પ્રાથમિકતાની લિસ્ટમાં ઉપર છે. ભારત તરફથી ૨૭ જાન્યુઆરીએ શ્રીલંકાને કોરોના વેક્સીનના ૫ લાખ ડોઝ આપવામાં આવશે.

જ્યારે ગ્લોબલ ટાઈમ્સે ભારતની વેક્સીન મૈત્રી વિરુદ્ધ દુષ્પ્રચાર કરતા સીરમ ઈન્સ્ટીટ્યૂટમાં આગ લાગવાની ઘટના બાદ ભારતના વેક્સીન મેન્યુફેક્ચરિંગ ક્ષમતા પર સવાલ ઉઠાવ્યા છે. ગ્લોબલ ટાઈમ્સે દાવો કર્યો છે કે ચીનમાં રહેનારા ભારતીય ચીની વેક્સીનને મહત્વ આપી રહ્યા છે.

## લોકડાઉનમાં અબજોપતિની સંપત્તિમાં ૩૫ ટકાનો વધારો

**ગરીબી નિવારણ માટે કામ કરતી સંસ્થા-ઓક્સફામનો રિપોર્ટ : માર્ચ ૨૦૨૦ પછીના ગાળામાં દેશમાં અબજોપતિઓની સંપત્તિમાં ૧૨,૯૭,૮૨૨ કરોડ રૂપિયાનો વધારો થયો**

નવી દિલ્હી, તા. ૨૫

ગરીબી નિવારણ માટે કામ કરતી સંસ્થા ઓક્સફામ એ કહ્યું છે કે કોરોનાવાયરસ રોગચાળાને કારણે લાદવામાં આવેલા લોકડાઉન દરમિયાન ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં ૩૫ ટકાનો વધારો થયો છે, જ્યારે આ દરમિયાન કરોડો લોકોની



આજીવિકાની કટોકટી ઉભી થઈ હતી. ઓક્સફેમના રિપોર્ટ 'ઈનઈક્વાલિટી વાયરસ' માં કહેવામાં આવ્યું છે કે માર્ચ ૨૦૨૦ પછીના ગાળામાં ભારતમાં ૧૦૦ અબજોપતિઓની સંપત્તિમાં ૧૨,૯૭,૮૨૨ કરોડનો વધારો થયો છે. જો આ રકમ દેશના ૧૩.૮ કરોડ ગરીબ લોકોમાં વહેંચવામાં આવે તો તે દરેકને ૯૪,૦૪૫ રૂપિયા આપી શકાય છે. અહેવાલમાં આવકની અસમાનતાનો ઉલ્લેખ કરતા જણાવવામાં આવ્યું છે કે, મુકેશ અંબાણીએ એક કલાકમાં જેટલી આવક થઈ, અથવા મુકેશ અંબાણીએ એક સેકન્ડમાં જે કમાણી કરી હતી તે આવક મેળવવામાં અકુશળ મજૂરને દસ હજાર વર્ષનો સમય લાગશે.

ઓક્સફેમના મુખ્ય કાર્યકારી અધિકારી અમિતાભ બેહરે કહ્યું કે, 'આ અહેવાલમાં પરથી સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે, અન્યાયપૂર્ણ આર્થિક વ્યવસ્થામાં કેવી રીતે સૌથી મોટા આર્થિક સંકટ દરમિયાન ધનિક લોકોએ ઘણી સંપત્તિ મેળવી હતી, જ્યારે બીજી તરફ કરોડો લોકો ખૂબ જ મુશ્કેલ સ્થિતિમાંથી પસાર થયા હતા, બેહરે કહ્યું કે શરૂઆતમાં એવો ખ્યાલ હતો કે રોગચાળો દરેકને સમાનરૂપે અસર કરશે, પરંતુ લોકડાઉનમાં સમાજમાં વિષમતાઓ પ્રકાશમાં આવી. રિપોર્ટ માટે ઓક્સફામ દ્વારા કરાયેલા એક સર્વેના અહેવાલમાં જણાવ્યા અનુસાર, મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, શિવ નાદર, સાયરસ પૂનાવાલા, ઉદય કોટક, અઝીમ પ્રેમજી, સુનિલ મિત્તલ, રાધાકૃષ્ણ દમાણી, કુમાર મંગલમ બિરલા અને લક્ષ્મી મિત્તલ જેવા અબજોપતિઓની સંપત્તિ માર્ચ ૨૦૨૦ પછી રોગચાળા દરમ્યાન ઝડપથી વધી હતી.

## લાલુ પ્રસાદની મુક્તિ માટે પુત્રીએ રાષ્ટ્રપતિને પત્ર લખ્યો

**પિતા લાલૂની મુક્તિ માટે પુત્રી રોહિણી આચાર્યએ એક આંદોલન ઉભું કરવાની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે**

નવી દિલ્હી, તા. ૨૫

આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની દીકરીએ પિતાની મુક્તિ માટે મોરચો ખોલી દીધો છે. તેઓએ રાષ્ટ્રપતિને પત્ર લખીને પિતાની મુક્તિની માગ કરી છે. એટલું જ નહીં પિતાની મુક્તિ માટે તેઓએ એક આંદોલન ઉભું કરવાની પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેજ પ્રતાપ યાદવે પણ આ મામલે એક પત્ર ટ્વીટર પર શેર કર્યો હતો.

લાલુ યાદવની દીકરી રોહિણી આચાર્યએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પાસે લાલુ યાદવની મુક્તિની માગ કરી છે. આ માટે રોહિણીએ એક પત્ર પણ લખ્યો છે. જેને તેઓએ ટ્વીટર પર શેર કર્યો હતો. પત્રમાં લખ્યું છે કે, દેશના મહામહિમ રાષ્ટ્રપતિને એક પત્ર આઝાદી પત્ર ગરીબોના ભગવાન આદરણીય શ્રી લાલુ પ્રસાદ યાદવ માટે. આ મુહિમ સાથે જોડાઓ અને પોતાના નેતાની આઝાદી માટે અપીલ કરો. જેમણે આપણને તાકાત આપી, આજે સમય તેમની તાકાત બનવાનો. અમે અને તમે મોટા સાહેબની તાકાત છે.

રોહિણીએ આ ટ્વીટમાં અપીલ કરી છે કે લાલુને ચાહનાર પટના આરજેડી ઓફિસમાં ૩ વાગ્યે પહોંચો અને લાલુ યાદવની મુક્તિ માટે અપીલ કરે. રોહિણીના આ ટ્વીટને લાલુના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવે પણ રિટ્વીટ કર્યો છે અને લખ્યું છે કે ગરીબોના મસીહા આદરણીય શ્રી લાલુ પ્રસાદ યાદવ માટે આઝાદી પત્રને મહામહિમ રાષ્ટ્રપતિ સુધી પહોંચાડો.

લાલુ યાદવની તબિયત બગડ્યા બાદ તેમની મુક્તિ માટેની રાજનૈતિક માગ ઉઠવા લાગી છે. જેમાં પટનામાં બિહાર કોંગ્રેસના અધ્યક્ષ મદન મોહન ઝાએ કહ્યું કે તમામ નેતા લાલુના સ્વાસ્થ્ય માટે ચિંતિત છે.

## માથું કપાવીશ પણ ભાજપ સામે ઝૂકીશ નહીં : મમતા

કોલકાત્તા,તા.૨૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી ચીફ મમતા બેનર્જી જયશ્રી રામના નારેબાજીવાળી ઘટનાને લઈ ફરીથી ભડક્યા છે. તેઓએ કહ્યું કે, નેતાજી સુભાષચંદ્ર બોઝના કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે તેમનું અપમાન થયું છે. તેઓને

**જેને પાર્ટી છોડવી હોય તે જલદી છોડીને જતા રહે**

ખીજવવામાં આવ્યા છે. તે બંગાળને ગુજરાત બનવા નહીં દે. આ ઉપરાંત તેઓએ કહ્યું કે હું માથું કપાવી દઈશ પણ બીજેપીની સામે ઝૂકીશ નહીં.

એક બાદ એક ટીએમસી છોડીને ભાજપમાં સામેલ થઈ રહેલા નેતાઓના મામલામાં કહેવામાં આવી રહ્યું છે કે આ મમતા બેનર્જી માટે મોટો ઝટકો છે. હવે આ મુદ્દા પર મમતા બેનર્જી ખુલીને બોલ્યા છે. તેમણે કહ્યું કે, જે લોકો તૃણમૂલ કોંગ્રેસ છોડીને જવા ઈચ્છે છે, તેણે જલદીથી જલદી જતુ રહેવું જોઈએ.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, ભાજપની પાસે તાંડવ કરવા સિવાય અન્ય કોઈ કામ નથી. નેતાજીના કાર્યક્રમમાં જય શ્રી રામના નારા લગાવવા પર તેઓએ કહ્યું કે, હું નેતાજીના કાર્યક્રમમાં ગઈ હતી. પણ તેઓની હિંમત કેવી રીતે થઈ. અમુક કટ્ટરપંથી મને ખીજવી રહ્યા હતા. તે મને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સામે ખીજવી રહ્યા હતા. જો તેઓએ નેતાજી પર નારા લગાવ્યા



હોત તો હું તેમને સલામ કરતી. પણ નહીં. મમતાએ કહ્યું કે, નેતાજી અને બંગાળે અપમાન કર્યું છે.

મમતાએ કહ્યુંકે, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ તમામના નેતા છે. તે લોકો પીએમની સામે ખીજવી રહ્યા હતા. હું બંદૂકોમાં વિશ્વાસ કરતી નથી. હું રાજનીતિમાં વિશ્વાસ કરું છું. બીજેપીએ નેતાજી અને બંગાળનું અપમાન કર્યું છે. અને મમતાએ એમ પણ દાવો કર્યો કે તે બંગાળને ગુજરાત નહીં બનવા દે. પણ ગુજરાત જ બંગાળ બની જશે.